ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી
તા. ૯-૩-૨૦૨૧, મંગળવાર

હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

## ગુજરાત રાજ્ય સરકારના મહિલા સશક્તિકરણના દાવાઓ વચ્ચે .. !!

# આશાવર્કર-ફેસીલેટર બહેનોનો કલેક્ટર કચેરી ખાતે કાળીપટ્ટી પહેરી સરકાર સામે વિરોધ



### વિશ્વ મહિલા દિને પડતર માગણીઓને લઈને આશાવર્કર બહેનો તેમજ આશા ફેસીલેટર બહેનોએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાળી પટ્ટી ધારણ કરી રાજ્ય સરકારની નીતિઓ સામે પ્રચંડ વિરોધ દર્શાવી સૂત્રોચ્ચાર કર્યા

હિંમતનગર, તા.૦૮

આજે ૮ માર્ચ વિશ્વ મહિલા દિવસે મહિલા શક્તિ સેનાના સંગઠન દ્વારા આશાવર્કર બહેનો તેમજ આશા ફેસીલેટર બહેનોએ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાળી પટ્ટી ધારણ કરી ગુજરાત રાજ્ય સરકારની નીતિઓ સામે પ્રચંડ વિરોધ નોંધાવ્યો હતો.

આજે ઠેર-ઠેર જ્યારે મહિલાઓનું એક દિવસ પૂરતું સગવડિયું સન્માન કરવામાં આવી રહ્યું છે ત્યારે વર્ષોથી બંધારણીય અધિકારો "સમાન કામ સમાન વેતન" અને લઘુત્તમ વેતન માટે ઝઝૂમી રહેલી આશા વર્કર અને આશા ફેસિલિટેટર બહેનો આજે મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે એકત્રિત થઈ ભારે સૂત્રોચ્ચાર કરી પોતાના બંધારણીય અધિકારો માટે બુલંદ અવાજ કર્યો હતો.

ગુજરાત રાજ્ય સરકારના મહિલા સશક્તિકરણના દાવાઓ વચ્ચે હજારો આશા વર્કર અને આશા ફેસિલિટેટર બહેનો પાસે તનતોડ મહેનત ના બદલામાં નજીવું ઈન્સેટીવ આપી મહિલાઓનું આર્થિક શોષણ અને માનસિક શોષણ કરવામાં આવી રહ્યું છે ત્યારે ગુજરાત રાજ્ય સરકાર એક તરફ મહિલાઓ ની આગળ લાવવા સન્માનો કરે છે અને બીજી તરફ લાખો મહિલાઓને તેમના બંધારણીય હક્કો થી વંચિત રાખી આર્થિક નાકાબંધી પણ કરે છે ત્યારે આવી જ બેવડી નીતિઓના વિરોધમાં મહિલા શક્તિ સેનાના પ્રમુખ ચંદ્રિકાબેન સોલંકીએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી તમામ આરોગ્યલક્ષી યોજનાઓ ઘેર-ઘેર પહોંચાડવા નું પાયાનું કામ જો કોઈ કરતું હોય તો તે આશા વર્કર બહેનો તેમજ આશા ફેસીલેટર બહેનો કરે છે ગુજરાતને પોલિયો મુક્ત કરવા નું ગૌરવ સમગ્ર દેશમાં આ બહેનો એ જ અપાવ્યું છે માતા મરણ અને બાળમરણ પણ સિંહ ફાળો આપ્યો છે એટલું જ નહીં પણ જ્યારે છેલ્લા એક વર્ષથી સમગ્ર વિશ્વ પૂર્ણ મહામારી સામે ઝઝૂમી રહ્યું હતું ત્યારે ફ્રન્ટ કોરોના વોરિયર્સ ખરા અર્થમાં પાયાના કોરોના વોરિયર્સ બની રાષ્ટ્રહિતમાં અવિરતપણે ગુજરાતની કરોડો જનતાને કોરોનાના પ્રકોપથી બચવા માટે પ્રયાસ કરી રહી હતી ત્યારે આ બહેનોની કામગીરીને બિરદાવી યોગ્ય વળતર ચૂકવી પ્રોત્સાહિત કરવાની જગ્યાએ છેલ્લા છ મહિનાથી કોરોના મહામારીનું જાહેર કરેલું મામૂલી ૩૩ રૂપિયા અને ફેસીલીટર બહેનોને ૧૭ રૂપિયા નું ચુકવણું પણ કરવામાં આવ્યું નથી તે ખરેખર શરમજનક કહેવાય એટલું જ નહીં પણ ગુજરાતમાં લાખો મહિલાઓ કોન્ટ્રાક્ટ પ્રથા , ફિક્સ પ્રથા , આઉટસોર્સિંગ રોજમદાર માનદ વેતન અને ઈન્સેટીવ જેવી ગેર બંધારણીય શોષણ ભરી નીતિઓમાં પીસાઈ રહી છે.

**છેલ્લા છ મહિનાથી કોરોના મહામારીનું જાહેર કરેલું મામૂલી ૩૩ રૂપિયા અને ફેસીલીટર બહેનોને ૧૭ રૂપિયાનું ચુકવણું પણ કરવામાં આવ્યું નથી**

ત્યારે આજના ઐતિહાસિક દિને- દિવસે આશાવર્કર - આશા ફેસિલિટેટર બહેનો તેમજ તમામ મહિલાઓને ડોક્ટર બાબા સાહેબ આંબેડકર સાહેબે બંધારણમાં જે સમાન કામ સમાન વેતન તેમજ લઘુતમ વેતન નો અધિકાર આપ્યો છે તે મુજબ તમામ શોષિત મહિલાઓને પોતાના હક્કનું મળવાપાત્ર વળતર ચૂકવવામાં આવે ત્યારે જ સાચા અર્થમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી સાર્થક કરી કહેવાશે આજના ઈતિહાસીક દિને આશાવર્કર બહેનો તેમજ આશા ફેસિલિટેટર બહેનો જ નહીં પરંતુ ગુજરાતની તમામ સૂચિત બહેનો ડોક્ટર બાબા સાહેબ આંબેડકરે આપેલા બંધારણીય અધિકાર મુજબ વેતન ચૂકવવામાં સહિતની માગણીઓ માન્ય વડાપ્રધાન તેમજ મુખ્યમંત્રી સુધી પહોંચાડવા જિલ્લા કલેક્ટર મારફત આવેદનપત્ર સુપ્રત કરી મહિલા સશક્તિકરણના અભિયાનને ખરા અર્થમાં સાર્થક કરવા આહવાન કરવામાં આવ્યું હતું.

# જનઔષધી કેન્દ્ર સાચા અર્થમાં જનસેવાનું માધ્યમ બન્યું છે : સાંસદ દિપસિંહ રાઠોડ

### જનઔષધી સપ્તાહમાં બે હજારથી પણ વધુ સેનેટરી પેડનું વિતરણ, નવનિયુક્ત કોર્પોરેટર જાનકીબેન રાવલના હસ્તે તદ્દન મફત કરાયું



હિંમતનગર, તા.૦૮

હિંમતનગર શહેરના હાર્દસમા દુર્ગા બજારમાં આવેલા ગુજરાતના પ્રથમ જનઔષધી કેન્દ્રમાં હિંમતનગરના સંસદસભ્ય દિપસિંહ રાઠોડ ના અધ્યક્ષ સ્થાને જન ઔષધિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ શુભ પ્રસંગે સ્ટોર સંચાલક હાર્દિકકુમાર રાવલે જણાવ્યું હતું કે જન ઔષધી કેન્દ્ર માં ઉચ્ચ ગુણવત્તાવાળી દવાઓ ખૂબ જ રાહત દરે આ સ્ટોરમાં મળી રહે છે અહીં માતાઓ અને બહેનોને માત્ર ચાર રૂપિયા માં ચાર સેનિટરી નેપકિન બિલકુલ સસ્તા દરે મળે છે તે મહિલાઓ માટે આત્મનિર્ભર નું પ્રતીક છે જન ઔષધી સપ્તાહમાં બે હજારથી પણ વધુ સેનેટરી પેડ નું વિતરણ કોર્પોરેટર જાનકીબેન એ રાવલ ના વરદ હસ્તે તદન મફત કરવામાં આવ્યું છે અને ૨૫૦થી પણ વધુ વ્યક્તિઓનું બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ નું નિદાન ધવલ પટેલ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું એમ જ સ્ટોરમાં ડાયાબિટીઝ, બીપી, કેન્સર, હૃદયરોગ, શ્વાસના રોગ, ચામડીના રોગ, સર્જીકલ આઈટમો દરેક વસ્તુ ખૂબ જ સસ્તા દરે મળી રહે છે.

### આગ્રા ખાતે યોજાનાર રસ્સા ખેંચ સ્પર્ધામાં

# ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર સાબરકાંઠાની બહેનોનું સન્માન કરાયું

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૮

ટગ ઓફ વોર ફેડરેશન ઓફ ઈન્ડિયા ન્યુ દિલ્હી દ્વારા આયોજિત વિવિધ વય ગ્રુપની નેશનલ ટગ ઓફ વોર ચેમ્પિયનશીપ તા. ૦૯ થી ૧૪ માર્ચ ૨૦૨૧ દરમ્યાન આગ્રા ના ગોવર્ધન સ્ટેડિયમ ખાતે યોજાઈ રહી છે. જે અંતર્ગત ગુજરાતની સિનિયર ભાઈઓ, મિક્સ ભાઈઓ બહેનો (૪ ૪), જુનિયર ભાઈઓ, સબ જુનિયર ભાઈઓ- બહેનો અને મિક્સ ભાઈઓ-બહેનો (૪ ૪) મળી કુલ છ ટીમો ભાગ લઈ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી રહી છે જેમાં હિંમતનગરની બહેનોની ટીમે એક મેચ જીતી પ્રતિનિધિત્વ કરી રહી છે. આ બહેનોનું વિશ્વ મહિલા દિને રમત ગમત ક્ષેત્રે રાર્ષ્ટ્ર કક્ષાએ રસ્સાખેંચ રમતમાં ભાગ લઈ ગુજરાત રાજયનું નામ રોશન કરવા બદલ આગ્રા મુકામે ટગ ઓફ વોર ફેડરેશનના મહા સચિવ માધવી પાટીલના હસ્તે મહિલા ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેક્રેટરી રાજુભાઈ પટેલ ગુજરાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




### ઈડરના કડીયાદરા ગામે બે કાર વચ્ચે અકસ્માત : બે ગંભીર

ઈડર વિજયનગર રોડ પરના કડીયાદરા ગામ નજીક પુલ પર આજે સવારે સામસામે હ્યૂંડાઈની-વેગન આર કાર વચ્ચે અકસ્માત થયો બંને કાર સામસામે ધડાકાભેર અથડાતા બંને કાર નો સોથો વરીજવા પામ્યો હતો. ૭ જેટલા વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા હિંમતનગર દાખલ કરવામાં આવ્યા છે. માર્કેટિંગ યાર્ડ ઈડરમાં નવનિયુક્ત ડિરેક્ટર અને વસાઈ સેવા મંડળીના ચેરમેન હરિભાઈ પટેલ પોતાના પરિવાર સાથે ભજપુરા ગામ ખાતે સામાજિક પ્રસંગે હાજરી આપવા જતી વખતે કડીયાદરા ગામ નજીકની નદી પરના પુલ પર પુરપાટ ઝડપી કારો સામસામે ધડાકા ભેર અથડાતા બંને કારમાં સવાર ૭ વ્યક્તિઓ ને નાની મોટી ઈજાઓ પહોંચી હતી જ્યારે એક વ્યક્તિને ગંભીર રીતે ઈજાઓ પહોંચતા તાત્કાલિક હિંમતનગર હોસ્પિટલ ખાતે દાખલ કારાયા હતા.

### મોડાસા ખાતે “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ”ની ઉજવણી કરાઇ

# મહિલાઓ શારીરિક રીતે તંદુરસ્ત અને આર્થિક રીતે સશક્ત થવું જોઈએ : શ્રીમતી ગાયત્રીબેન પટેલ

### દીકરી એ બે કુળની તારક છે અને દીકરી ત્રણ ઘરને તારે છે : શ્રીમતી સ્મિતાબેન પટેલ

બાયડ, હિંમતનગર, તા.૦૮

અરવલ્લી જિલ્લાના મોડાસાના નગરપાલિકાના ટાઉનહૉલ ખાતે જિલ્લા બાળ વિકાસ કચેરી અને જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ કચેરીના સંયુકત ભાગરૂપે જિલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલની ઉપસ્થિતિમાં “આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ”ની ઉજવણી કરાઈ હતી.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણી નિમિત્તે જિલ્લા શિક્ષણાધિકારી શ્રીમતી ગાયત્રીબેન પટેલ મહિલાઓને સંબોધતા જણાવ્યું કે, આજનો દિવસ મહિલાઓ માટે ખાસ છે, આજના દિવસે વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીઓ કરાઈ રહી છે. મહિલાઓ માટે સરકાર દ્વારા ઘણી




બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે જેવી કે પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર, “સખી” વન સ્ટોપ સેન્ટર, ૧૮૧-મહિલા હેલ્પલાઈન, વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, વ્હાલી દીકરી યોજના જેનો મહિલાઓ ઉપયોગ કરતી નથી. આ યોજનાઓ મહિલાઓ માટે જ છે તો તેનો ઉપયોગ કરો.

છોકરીઓમાં હીમોગ્લોબિન ઘટે નહીં તે માટે શાળાઓમાં તેના માટે પણ યોજનાઓ અમલમાં મૂકી છે.મહિલાઓ પોતાની ફરજો ખૂબ જ સરસ રીતે નિભાવે છે. મહિલાઓએ મજબૂત બનીને ફરજો નિભાવવાની છે, મહિલાઓએ શારીરિક રીતે તંદુરસ્ત અને આર્થિક રીતે સશક્ત થવું જરૂરી છે . આર્થિક રીતે મજબૂત બનવું હશે તો શિક્ષણ ફરજીયાત લેવું પડશે. તેમણે બ્યુટીપાર્લર, ગૃહઉધ્યોગ, સીવણકામ વગેરે જેવા કામો ઘરે બેઠા કરીને આર્થિક રીતે સક્ષમ બનવા અનુરોધ કર્યો હતો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીમતી સ્મિતાબેન પટેલે જણાવ્યું કે, મહિલાઓમાં અનેક પ્રકારની શક્તિઓ રહેલી છે. સ્ત્રી દરેક પરિસ્થિતિમાં પોતાને અનુકૂલતા સાધતી હોય છે, દીકરો એ બે કુળની તારક છે. દીકરી ત્રણ ઘરને તારે છે. માટે જ “બેટી બચાઓ, બેટી પઢાઓ” અભિયાન થકી દિકરીઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધાર્યું છે.

# મહિલા દિવસ : અરવલ્લીના પ્રાથમિક શિક્ષિકા શાળાના બાળકોને જાતે નાસ્તો બનાવી પીરસે છે

### મહિલા સશક્તીકરણના ઉદાહરણ બનેલા લત્તાબેન પટેલને ૪૯ એવોર્ડ મળ્યા છે

બાયડ, તા. ૮

પ્રા. શિક્ષિકો ડરપોક હોય છે તેવુ કહેનારાઓને તા. ૨ માર્ચે જડબાતોડ જવાબ મળ્યો છે. આજે વાત કરવી છે મહિલા દિવસની. તા. ૮



માર્ચે રાજ્યમાં આંતરરાષ્ટ્રી મહીલા દિવસની ઉજવણી કરવામાં આવી. ત્યારે માત્ર એક દિવસની મહિલા દિવસની ઉજવણી પછી બીજા વર્ષ ૮ માર્ચે યાદ કરાશે. અરવલ્લીના માલપુર તાલુકાની ભુતા પ્રા. શાળાના મુખ્ય શિક્ષક લત્તાબેન વિઠ્ઠલભાઈ પટેલ (સખવાણીયા) મહિલા સશક્તિકરણનું ઉમદા ઉદાહરણ છે. તેઓએ શાળાને નંદનવન બનાવવાની સાથે શાળામાં અભ્યાસ માટે આવતા બાળકોને જાતે જ નાસ્તો પીરસી સૌનું ધ્યાન ખેંચ્યુ છે. અત્યાર સુધીમાં તેઓએ ૪૯ એવોર્ડ મેળવ્યા છે. ગત વર્ષે રાજ્યપાલના હસ્તે રાજ્યના સર્વશ્રેષ્ઠ પ્રા. શિક્ષકનો એવોર્ડ પણ જીત્યો છે.

દિકરી એક સાથે બે કુળ દિપાવે છે. તેમાંય શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને શાળાઓમાં જે જ્ઞાન પિરસાય છે તે ક્યાંય મળતું નથી. મહિલા શિક્ષિત અને દિક્ષીત થાય તો સમાજનું નવ સર્જન થાય છે. પુરૂષ પ્રધાન ભારત દેશમાં મહીલાઓ હવે પુરૂષ સમોવડી બની છે. અરવલ્લી જિલ્લાની અનેક મહિલાઓએ ઉચ્ચ સ્થાને બિરાજી જિલ્લાને ગૌરવ અપાવ્યુ છે. જેમાં ધનસુરા તાલુકાના આકરુન્દ નજીકના હરીપુરા કંપાના ખેડૂત પરિવારની દિકરી ભુમિકા પરસોત્તમદાસ પટેલ આઈ.આર.એસ.ના રેન્કમાં ઉત્તીર્ણ થઈ આસિસ્ટન્ટ કમિશનર, ઈન્કમટેક્ષ તરીકે મહારાષ્ટ્રમાં સેવા આપે છે. જિલ્લાનું ગૌરવ વધારનારી દિકરી-મહીલાઓનું લિસ્ટ લાંબુ છે. પરંતુ અહીં માલપુરની ભુતા પ્રા. શાળા મુખ્ય શિક્ષક લત્તાબેન પટેલ સાચા અર્થમાં કર્મયોગી બની રાજ્યના ૨ લાખ પ્રા. શિક્ષકો માટે ઉત્તમ દ્રષ્ટાંત બન્યા છે. તેઓ શાળામાં આવે તેની વિદ્યાર્થીઓ ચાતક નજરે રાહ જોતા હોય છે. કારણ તેઓ શાળામાં આવે એટલે ગરમાગરમ નાસ્તો જાતે તૈયાર કરી બાળકોને પીરસે છે. પછી શિક્ષણ પ્રત્યે બાળકોને રૂચી કેળવાય તે પ્રકારે શિક્ષણ કાર્ય આપે છે. અત્યારે પુર્ણ સમયની શેરી શાળામાં છૂટાછવાયા ઘરમાંથી આવતા ગરીબ બાળકો માટે દરરોજ સ્વ ખર્ચે ઘરનો જાતે બનાવેલ નાસ્તો લાવી પીરશે છે. પોતાના પરીવારમાં કોઈનો જન્મ દિવસ હોય તો પણ શાળા-ગામમાં આવી ઉજવણી કરે છે. તેઓએ તાજેતરમાં જ શાળામાં મા-દિકરી મિલન કાર્યક્રમ યોજી શિક્ષક ધારે તો સમાજ માટે શું શું કરી શકે, તેનું પ્રેરણાદાયી દ્દષ્ટાંત આપ્યુ છે. તેમના પતિ પણ પ્રા. શિક્ષક છે.



જેથી દર મહીને પ્રા. શિક્ષક દંપત્તિ શાળાના બાળકો માટે ૭ થી ૧૦ હજારનો ખર્ચ કરે છે.



## આજે આખા વિશ્વએ મહિલા દિવસ તરીકે ઉજવ્યું

મહિલાઓને પુરુષ સમોવડીની વાતો જગજાહેર થાય છે ત્યારે હકીકત કાંઈ અલગ જ હોય છે ત્યારે ગામડાંઓમાં મહિલાઓ પુરુષ સમોવડીના અસંખ્ય કિસ્સાઓ જોવા મળતા હોય છે. ગામડાઓમાં છોકરીઓ અભ્યાસ પછીના સમયમાં પોતાના પિતાના ખેતી કામમાં સાથ આપતી હોય છે. ખેતી કામ હોય કે પશુપાલન ગામડાંઓમાં સ્ત્રીઓ પુરુષ સાથે જ કામ કરતી હોય છે ત્યારે ઉપરોક્ત તસવીર આજે વિશ્વ મહિલા દિવસે વિશ્વની મહિલાઓને સમર્પિત...

### શિવરાત્રી પર્વની ઉજવણી અંતર્ગત જાહેર સભા તેમજ સરઘસ પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

આગામી દિવસોમાં હિંદુ ધર્મનો શિવરાત્રીનો તહેવાર આવતો હોઈ તેમજ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૨૨ માર્ચ-૨૦૨૧ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ . આર.જે. વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે. સમગ્ર જિલ્લામાં સભા ભરવી કે બોલાવવી નહી તેમજ સરઘસ ન કાઢવા પર પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે.

આ હુકમ સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી.